

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કર્યો ગુનાઈત વેડફાટ, હવે સફાઈ થાય છે,*
*થયો ઈજ્જતો કચરો, હવે સફાઈ જાય છે,*
*બફાઈ જાય છે દંભી પ્રચારે આખે આખું કોળું -*
*આજ સુધી સૂતા, ને હવે ઘેલ-સફાઈ થાય છે!*

### હાઈકુ

*સૂત્રોથી માત્ર!*
*બચતાં નથી કદી -*
*પાણી કે બેટી...*

*લ્યો ! ફંગાળાયો -*
*કોલેજ્યમ મેદાને -*
*જોસેફ 'બોલ...'*

### ચિંતન

***નિરાકાર હર રૂપ હૈ, પ્રેમ પ્રીતસોં સેવ,***
***જો માગે આકાર કો, (તો) સંતો પરછત દેવ.***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**હરિ એટલે પરમાત્મા. એ પરમાત્મા તો નિરાકાર છે. તેને કંઈ પુષ્પો વગેરેથી પૂજી શકાય નહીં તે પ્રભુની સેવા તો પ્રેમ રૂપી પ્રીતિથી જ થાય. એટલે તમારા અંતઃકરણમાં તેનાં પર પ્રેમભાવ ઉત્પન્ન થાય તો જ તેની સેવા તો પ્રેમ રૂપી પ્રીતિથી જ થાય. એટલે તમારા અંતઃકરણમાં તેનાં પર પ્રેમભાવ ઉત્પન્ન થાય તો જ તેની સેવા થઈ શકે. પરંતુ કોઈ માણસથી નિરાકારની સેવા ન બની શકે તેમ હોય અને 'સાકાર' સ્વરુપની તેમને જરૂર હોય તો કબીર કહે છે કે નિરાકાર એવા જે પરમાત્મા છે તેનું આકારવાળું સ્વરુપ એ જ 'સાધુ પુરુષ' છે એમ માની તે સાધુની સેવા કરો. કારણ કે ખરા સંતમાં પરમાત્માનાં ગુણો નો અંશ રહેલો જ છે.**

### સુવિચાર

- તમારા પડોશી વિરુદ્ધ ખોટી જુબાની ન આપો - **બર્મીઝ કહેવત**
- વિનયહીન વિદ્યા, દયાહીન દાન, ભાવહીન ભક્તિ અને સ્નેહહીન માન - આ ચારેય અફળ અને દુઃખદાયી છે - **શંકરાચાર્ય**
- તમારી વિચારવાની 'ટેકનિક' પર તમારી સુખી જીંદગીનો આધાર છે - **રોબિન શર્મા**
- હાસ્ય ઘરમાં આવતાં કૂણા તડકા જેવો પ્રસન્ન અવસર છે - **જનકલ્યાણ**
- ગુમાવતી વખતે શીખનાર વધુ મેળવે છે - **થાઈ કહેવત**
- જો તમારું હૃદય પવિત્ર રાખશો, તો દસ માણસ જેટલી તાકાત ધરાવતાં થઈ જશો - **અનામી**
- આજનું ઔષધ : મોઢામાં ચાંદા પડ્યા હોય તો તેની ઉપર ટી-બૅગ મુકવાથી દુઃખાવામાં રાહતય થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઓસ્ટ્રીયાનો એક વિદ્યાર્થી પેસ્ટ્રોલા મેડિકલમાં ભણતો હતો. એકવાર એ નદી કિનારે ફરવા ગયો ત્યાં એક બાળક મળ્યું. બાળક લઈ એના મા-બાપની ભાળ મેળવવા પોલીસમાં જાણ કરી. પોલીસે બાળક અનાથાલાયમાં મોકલી દીધું. થોડા દિવસો પછી પેસ્ટ્રોલા બાળકને મળવા અનાથાલય ગયો. ત્યાં તેણે જોયું કે ઘણા બધા બાળકોના ઉછેર અનાથાલાયમાં થઈ રહ્યો છે. તેમના પાલનપોષણની પણ વ્યવસ્થા સારી છે પણ ત્યાં રહેતા કર્મચારીઓ બાળકો પ્રત્યે સારું વર્તન રાખતાં નથી. જેથી બાળકોનો વિકાસ સરખો થતો નથી.

આવી વાતથી દુઃખી થયેલા પેસ્ટ્રોલાએ એક અભિયાન ચલાવ્યું કે જે લોકોનું નાનું કુટુંબ હોય અથવા જેઓ નિઃસંતાન હોય અને જેમને પરવડી શકે તેમ હોય તેઓ આ અનાથાલયમાંથી બાળકો દત્તક લઈ લે.

ઉદાર, શ્રિમંત અને શિક્ષિત લોકો એ આ અભિયાનનો સકારાત્મક પ્રતિસાદ આપ્યો. અને ઘણા સારા અને સમજુ પરિવારોમાં બાળકો દત્તક અપાયા.

નવા આત્મીયતાના માહોલમાં બાળકોની પ્રતિભાનો સારો વિકાસ થવા લાગ્યો. પેસ્ટ્રોલાએ અનાથ બાળકો માટે પોતાનું સમગ્ર જીવન આપી દીધું. પેસ્ટ્રોલાના આ કાર્ય માટે તેમને ઓસ્ટ્રીયાના સર્વોચ્ચ નાગરિક સન્માન પણ અપાયું. આ સન્માનમાં મળેલી રકમ પણ તેમણે અનાથ બાળકોની સારસંભાળ માટે દાનમાં આપી દીધી.

# ડૉક્ટરોને ચેતવણી આપતી ગાઈડલાઈન : સ્પર્શ ટાળવામાં સલામતી

*તંત્રીસ્થાનેથી...*

ડૉક્ટરોને ભગવાન પછીનું સ્થાન આપનારી પ્રજા સમય અને સંજોગો બદલાતાં એને ફક્ત પેઈડ પ્રોફેશનલ ગણતી થઈ ગઈ છે. અલબત્ત એમાં એકલા દરદીઓનો વાંક નથી. ડૉક્ટરોએ વ્યવસાયને સેવાની જગ્યાએ ટંકશાળમાં ફેરવી દીધો છેઅને તેથી સ્વાભાવિક રીતે જ એ ગ્રાહક સુરક્ષાના નિયંત્રણમાં આવી જાય છે. વિદેશોમાં ડૉક્ટરની ભૂલ કે અજ્ઞાનને કારણે દરદીને થયેલ નુકશાન વિરુદ્ધ અદાલત કડક સજા કરે છે અને જેને સહન કરવાનું આવ્યું હોય એવા દરદીઓને ઊંચું વળતર ચૂકવવાનો આદેશ આપે છે. ભારતમાં હજી આ પ્રકારનું વલણ જૂજ કેસો પૂરતું મર્યાદિત રહેલ છે. ડૉક્ટરની ભૂલને છાવરવાના પ્રયાસો થતા રહે છે જેમાં તંત્ર પણ ડૉક્ટરની તરફેણ કરતું હોય એવા કિસ્સા જોવા મળે છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય 'મેડિકલ ડિફેન્સ'નાં પ્રવક્તાએ ડૉક્ટરોને જરા જુદી જાતની ચેતવણી આપી છે. સામાન્ય રીતે ડૉક્ટરો દરદીને ભેટી એનો આત્મવિશ્વાસ વધારવા પ્રયાસ કરતા હોય છે. પ્રાશ્ચાત્ય દેશોમાં આ રીતનું આલિંગન વિવાદાસ્પદ નથી ગણાતું બલકે એ ડૉક્ટર-દર્દી વચ્ચેની આત્મીયતા દર્શાવતું હોય છે. પરંતુ છેલ્લે છેલ્લે સ્ત્રીઓના યૌનશોષણનો મુદ્દો કેન્દ્રમાં આવી જતાં ડૉક્ટરો સામે ત્યાં પણ આ પ્રકારની વર્તણૂક બદલ ફરિયાદો ઊઠી છે. તેથી આગોતરી ચેતવમી સ્વરુપે ડૉક્ટરો દરદીને પોતાની સંવેદના દર્શાવવા ચુંબન કે આલિંગન ન આપે પરંતુ માત્ર હસ્તધૂનન કરે, એવી સલાહ અપાઈ છે. ભારતમાં વૈદ્ય માટે 'વૈદ્યો - નારાયણો હરિઃ' એટલે કે વૈદ્ય સાક્ષાત્ વિષ્ણુનું સ્વરુપ છે, એવો ઉમળકો રહ્યા કર્યો છે. પરંતુ કાળક્રમે મેડિકલ વ્યવસાય ધીકતા ઉદ્યોગમાં ફેરવાઈ જતાં લોકમાનસમાં અગાઉ જેવું સ્થાન ડૉક્ટરો ગુમાવી ચૂક્યા છે. વળી યૌન શોષણની ફરિયાદો પણ થતી રહે છે. એલોપથીના આદિપુરુષ હિપોક્રેટ્સ એમના નામે જાણીતા સોગંધવિધિમાં સ્ત્રી દરદીને પુરુષ ડૉક્ટર દ્વારા અન્ય સ્ત્રીની હાજરી વગર તપાસવાનો નિષેધ કરે છે. આ પ્રકારની આચારસંહિતા જળવાય તો મેડિકલ વ્યવસાય કે જે અત્યંત પવિત્ર વ્યવસાય તરીકેની પ્રતિષ્ઠા ધરાવતો હતો તેનું અવમૂલ્યન જરૂર અટકી શકે. સ્ત્રી દરદીને માત્ર આશ્વાસન કે સદ્ભાવ પૂર્વક આલિંગન આપવાથી પણ કયારેક એનામાં લઘુતાગ્રંથિ પેદા થઈ શકે છે. એ ડૉક્ટરને પરપુરુષ તરીકે જ જોતી હોય ત્યારે તો ખાસ. આથી મેડિકલ ડિફેન્સનાં પ્રવક્તાએ જે નવી ગાઈડલાઈન રજૂ કરી છે એમાં આ પ્રકારની શારીરિક ચેષ્ઠા નહીં કરતાં માત્ર હસ્તધૂનનથી જ કામ પતાવવાની ભલામણ કરાઈ છે. ભારતીય મહિલાઓ તો પરંપરાની રૂએ હસ્તધૂનનનો પણ બિનજરૂરી સ્પર્શ માને છે. આથી આપણે ત્યાં તો હાથ જોડી નમસ્તે જ કહેવામાં ડૉક્ટરોની સલામતી ગણાશે!

# હૂકુમ મેરે આકા...!



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

'જા બચ્ચા તેરા ભલા હો જાયેગા' ગુરુના મુખેથી નીકળેલું આ વાકય સાંભળવા માટે 'ભક્તો' તલપાપડ હોય છે. કયારે 'આકા'ની કૃપા થાય અને અમે ન્યાલ થઈ જઈએ. 'ભક્તજનોને' અંધશ્રધ્ધા તરફ ધકેલવામાં આ કહેવાતા 'આકાઓ' નો મોટો ફાળો હોય છે. 'આકા' ઈચ્છે છે કે પોતાના 'ભક્તજન' પોતાનો પડતો બોલ ઝીલે, પોતાનું કહયું કરે એવો તેમનો આગ્રહ કયારે હઠાગ્રહ બની જાય છે તેની 'ભક્તજનો' ને ખબર જ નથી પડતી. પોતાનું શું થશે કે થવાનું છે તેની પરવા કર્યા વગર 'આકા'ની આજ્ઞાને માથે ચઢાવવામાં ભક્તજનો વચ્ચે સ્પર્ધા ચાલતી હોય છે. આકા હંમેશા ઈચ્છતા હોય કે તેમનો પ્રત્યેક ભક્ત નમ્ર અને આજ્ઞાંકારી હોય, આશાવાદી હોય અને મતિમૂઢ હોય. બળવાખોર અને અસંતુષ્ટ ભક્તજનોને પાણીચું અપાય છે. પાણીચું અપાતાની સાથે જ તેઓ બ્લેકલિસ્ટમાં આવી જાય છે.

આકાઓનું કાર્યક્ષેત્ર વિશાળ છે. રાજકીય, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, કૌટુંબિક વગેરે વિવિધ ક્ષેત્રોમાં આકાઓ પોતાનું વર્ચસ્વ ધરાવતા હોય છે. ભારત દેશમાં આકાઓને અનુકૂળ અને પૂરતા પ્રમાણમાં ભકતજનો મળી રહે છે. આકાની આજ્ઞાનું ઊંધુ ઘાલીને પાલન કરનારા ભક્તજનો- 'પ્રિયભક્તોની' યાદીમાં મુકાય છે. આ 'પ્રિયભક્તો' તરત પરખાઈ જતા હોય છે. ઉદાહરણ તરીકે જો આકા દ્વારા એવો આદેશ કરવામાં આવે કે પાણીના લાડુ બનાવો તો 'યા હોમ કરીને' આ ભક્તજનો પાણીના લાડુ બનાવવા બેસી જશે. એમને આવા પ્રશ્નો કરવાનો અધિકાર હોતો નથી, જેવાકે : પાણીના લાડુ હોય? પાણી હાથમાં કેવી રીતે આવી શકે? પાણીના લાડુ તો બની જ કેવી રીતે શકે? વગેરે વગેરે...

''પ્રશ્નો અને શંકાઓ ન કરે ને માત્ર આજ્ઞાનું પાલન કરે તે ખરો ભક્ત'' આકાઓ પોતાના ભક્તોની સંખ્યા વધે તેવા અસંખ્ય પ્રયત્નો કરતા હોય છે. એક ભક્ત બીજા ભક્તને ખેંચી લાવે, તેવા પ્રયત્નો આકાની આજ્ઞાથી જ આદરે છે.

આકાઓના કેટલાક ચુનંદા પ્રિયભક્તજનો (ચમચાઓ) હોય છે. તેઓ કેટલાક નિયમો પોતાની રીતે નકકી કરતાં હોય છે. દરેક ક્ષેત્રે ''ભક્તજનો''ના પ્રકાર હોય છે. જેમ કે, 'સરળભક્ત, પ્રિયભકત, આજ્ઞાકારી ભક્ત, દબંગ ભક્ત, વાહવાહીભક્ત, સુરક્ષાભક્ત, એકાઉન્ટ ભક્ત, એન્કાઉન્ટરભક્ત અને મિડીયા ભક્ત વગેરે!'

રાજકીય ભક્તો ચૂંટણી વખતે વધુ સક્રિય હોય છે. ભકતજનને ભાવતું અને ગમતું સ્થાન અને સ્થળ મળે જ એવું દરેક વખતે શકય બનતું નથી. પરિણામે અસંતુષ્ટ ભક્તનો જન્મ થતો હોય છે. પોતાના અનુયાયીઓને લઈને, બળવો કરીને, એક નવા જ પક્ષ ની રચના કરે છે. આ નવો પક્ષ કાઠું કાઢે અથવા તેનું બાળમરણ પણ થાય! ખરું પૂછો તો રાજકીય ક્ષેત્રના આકાઓ જ અન્ય ક્ષેત્રોમાં પણ પોતાના સબ આકાઓની નિમણૂંક (ગોઠવણ) કરતા હોય છે.કેટલાક ખૂંખાર હોય છે. જેમાં 'ખૂન-ખરાબા' સામાન્ય બાબત બની રહે છે. રાજકારણમાં જે આકાઓ માઈક પર બોલીને લોકોને પોતાની વકતૃત્વ છટાથી આકર્ષી શકે તે આકાઓ સફળ થતા હોય છે. રાજકારણમાં ભકતજનોની સંખ્યા અસાધારણ રીતે વધી જતી હોય છે.

શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે પણ ભક્તજનો અને આકાઓ જોવા મળે છે. પોતાના ભકતો દ્વારા પોતાના લેખો, કવિતાઓ, પુસ્તકો વગેરેની વાહવાહી કરાવવી, શેરીંગ કરાવવું, પ્રશંસા કરાવવી વગેરે બાબતો સામાન્ય થઈ પડે છે. સાહિત્યનાં આ ક્ષેત્રોમાં આકાઓ પોતાની વગ વાપરીને પોતાના માનીતા અને પ્રિય ભકતોને યોગ્ય સ્થાન અને મોભો મળે તેવા અથાગ પ્રયત્નો કરતા હોય છે. સર્જકોનાં પુસ્તકો માટે પુરસ્કાર પસંદગી (ગોઠવણ)નો દોર આકાઓના હાથમાં હોય છે. દરેક પસંદગી સમિતિ ઉપર આકાઓનું પ્રભુત્વ (ધાક) હોય છે. ઈનામવાંછુ સર્જકો આકાના ભક્ત બનવા ઉપર તળે થાય છે. આકાની વગ જેટલી લાંબી અને ઘટ્ટ તેટલી ઈનામની (ગોઠવણીની) શક્યતા વધુ! પુસ્તક સાવ ફેંકી દેવા જેવું હોય અથવા માત્ર પાંચ જણા વાંચી શકે તેવું હોય કારણ તેમાં આ પાંચને જ ખબર પડે તેવો જ ભાષા પ્રયોગ થયો હોય!. બધો આધાર છે આકાની વગ ઉપર. માત્ર સર્જન કરવામાં જ નહિ આકાઓની પસંદગી કરવામાંય સર્જનશકિતનો ઉપયોગ થતો હોય છે! જેટલો આકા વગદાર તેટલો ભક્ત દમદાર!

આકાને ગમતો એકમાત્ર શબ્દ છે - ખુશામત. દરેક સંસ્થામાં બે ગૃપો હોય છે. બન્ને ગૃપો પોતેપ્રિય (ચમચાઓ) હોવાનો આક્ષેપ કરતા હોય છે. કયારેક તો આકાના પ્રિય (ચમચા) બનવાની જાણે હોડ લાગે છે. કેટલાક તકસાધુઓને આવા ગૃપોની જાણ થઈ જતાં બન્ને તરફથી ભરપૂર લાભ ઉઠાવતાં હોય છે. દેશની ઘોર ખોદવામાં શિક્ષણ ભક્તોનો ફાળો સ્હેજેય ઓછો નથી, વળી શિક્ષણ ભકતોને દૂર દૂર સુધી શિક્ષણ સાથે કોઈ નાતો હોતો નથી!

તમે પણ કોઈ ને કોઈ ક્ષેત્ર સાથે જોડાયેલા હશો જ. માત્ર આંખ અને કાન ખુલ્લાં રાખશો તો 'આકા' અને 'ભક્તજનો' તમારી આસપાસ જ મળશે. લોકશાહી દેશમાં દરેક ક્ષેત્રમાં આકાઓ અને ભક્તો હોવાના જ. છેલ્લે એક જ પ્રાર્થના છે : પ્રભુ, અમે તેમનાથી દૂર રહિયે, તેવી શકિત અને મતિ આપજે. (બંધ બેસતી પાઘડી પહેરી લેવાના સુજ્ઞ વાચકના અધિકાર ને છીનવી લેવાનો મારો કોઈ ઈરાદો નથી)

santoshdevkar03@gmail.com

# જિસ કે હોને સે મૈં ખુદ કો મુક્કમલ માનતા હૂં... મેરે રબ કે બાદ, મૈં બસ મેરી માં કો જાનતા હૂં : મન્નવર રાણા

माँ, मेरी माँ
प्यारी माँ, मम्मा
हाथों की लकीरे बदल जायेंगी
गम की ये जंजीरे पिघल जायेंगी
हो खुदा पे भी असर
तू दुआओं का है घर
मेरी माँ, मम्मा
बिगड़ी किस्मत भी संवर जायेगी
जिन्दगी तराने खुशी के गायेगी
तेरे होते किसका डर
तू दुआओं का है घर
मेरी माँ, प्यारी माँ, मम्मा...
यूं तो मैं सबसे न्यारा हूँ
(पर) तेरा माँ मैं दुलारा हूँ
दुनियाँ में जीने से ज्यादा
उलझन है माँ
तू है अमर का जहां
तू गुस्सा करती है
बड़ा अच्छा लगता है
तू कान पकड़ती है
बड़ी जोर से लगता है
मेरी माँ मेरी माँ, प्यारी माँ, मम्मा
हाथों की लकीरें...

*(Movie : DASVIDANIYA)*

સ્ત્રીના ઘણા રૂપ છે. પત્ની, બહેન, દીકરી, મા. પરંતુ આ બધામાં સર્વોત્કૃષ્ટ કોય તો તે માતાનું રૂપ છે. મા બનવાની સાથે સ્ત્રીનો નવો જન્મ થાય છે. નવી જવાબદારી સાથે તેનો એક નવા જ વિશ્વમાં પ્રવેશ થાય છે. આપણે આપણી માતાને કૌશલ્યા કે યશોદા કે ન ગણીએ પણ દરેક મા તેના સંતાનને રામ કે કૃષ્ણ જ સમજતી હોય છે.

એક માતાની અંદર એ સામર્થ્ય છે કે, તે નબળા માણસને ભડવીર બનાવી શકે છે, તે



સંતાનમાં ઈચ્છિત ગુણોનું સિંચન કરી શકવા સક્ષમ છે. આપણે તો માટીના લોંદાની જેમ આ સૃષ્ટિમાં આવીએ છીએ, ચાકડા પર ચડાવીને યોગ્ય આકાર આપવાનું કાર્ય અને સમાજમાં ઊભા કરવાનું કાર્ય મા જ કરે છે ને! જીજાબાઈ બાળ શિવાને ઘોડિયામાં જ હાલરડાં ગાતાં-ગાતાં રાષ્ટ્રભક્તિ અને આવનારા કપરા કાળમાં તેમની જવાબદારીઓ વિશે સૂચિત કરતા હતા.

આજે પણ રામ-કૃષ્ણ અને શિવા-રાણાને ધરતી પર જન્મ લેવો હશે, પણ તેમને યોગ્ય ખોળો નહીં મળતે હોય. કારણ કે હવે બાળકની બધી જ જવાબદારી સામાન્ય રીતે કેવળ માતા પર નથી હોતી, બાઈ કે આયાઓ વચ્ચે પણ વહેંચાય છે. બાળકને જોઈતાં ભૌતિક સુખ તે પૂરાં પાડે છે, પોતાના સામાજિક કામમાં વ્યસ્ત સ્ત્રી રડતા બાળકને ચૂપ કરતા મોંઘાદાટ રમકડાં આપે, અને તાત્કાલિક પ્રશ્ન ઉકેલી નાખે. બાળકને પ્રેમની તરફ છે, તેને પાણી જોઈએ છે અને કોકાકોલા મળે છે, ભવિષ્યમાં આ બાળકો તેમને વૃદ્ધાશ્રમનો રસ્તો ન બતાવો તો જ નવાઈ કહેવાય. કારણ જયારે,

'જબ બોયા પેડ બબૂલ કા, ફિર આમ કહા સે હોય'

પહેલા અર્થસભર હાલરડાનું સ્થાન હવે ઢંગધડા વગરના જોડકણાઓ લીધું છે. આ નિંદાની વાત નથી, માની નિંદા થઈ શકે જ નહીં, પરંતુ આ એવી સ્ત્રીની વાત છે કે જે ખરા અર્થમાં માતા નથી બની શકી, સંતાનને જન્મ આપવાથી જ કાંઈ માતા થોડું બની જવાય છે? માતાની પરિપક્વતા જયાં સુધી ન આવે ત્યાં સુધી આવી ઘટના, માફ કરજો આવી દુર્ઘટનાઓ જોવા મળતી રહેશે. ઘણી સ્ત્રીઓ આજીવન માતા નથી બની શકતી, અપવાદરૂપ બનાવ છે, પરંતુ છે એ નક્કી.

માતા તો અંતર્યામી છે, પોતાના બાળકને શું જોઈએ છે, એ કોઠાસૂઝથી જાણે છે, માતા અને સંતાનનો સંબંધ અભિન્ન છે, નર્મદ આથી જ કહે છે -

ખરેખાત મા - પુત્ર સંબંધ કેવો
ખરે જાણવો પૃથ્વીને વૃક્ષ જેવો !
કૃત્ઘ્ની છતા વહાલ તો આમતા જી,
વળાયે નહીં પાડ
માયાળુ માજી !

છોરુ - કછોરુ થાય, માવતર કુમાવતર ન થાય. માતા એ ક્ષમા અને કરુણાની મૂર્તિ છે, પૂ. મોરારિ બાપુના પ્રવચનમાં એક પ્રસંગ સાંભળ્યો હતો. જૈન-ગૃહસ્થ બાપુને કહેતો હતો કે તમે માનો કે ન માનો પણ મારી માતા હજી પણ મારી ઉંમરનાં બધા મિત્રો - કોઈ ડોકટર છે, કોઈ વકિલ છે, કોઈ વેપારી છે - તે કહે છે એ બધાને તું બોલાવ. નાનપણમાં પણ મહિનામાં એકવાર તો બધાને બોલાવે જ મેં એકવાર કીધું કે મા દર મહિને આ બધાને બોલાવવા, આ બધુ શું કામ? ત્યારે મારી મા એક જ વાત કહેતી કે તું નાનો હતો ત્યારે આ છોકરાઓ બહુ તોફાની હતા, અને તને મારતા. હવે તને મારે નહીં એટલે મહિને - મહિને બોલાવ્યા કરું છું. પોતાના સંતાન આટલા મોટા થયા છતાંય માતાના મનમાં આવો ભાવ તેના તરફ વહેતો રહે છે.



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

નાના હતા ત્યારે એક કોળિયો ખવડાવવા માટે મા આખા ઘરમાં આપણી પાછળ દોડતી. ઘરમાં કોઈ તોડફોડ કરીએ, પાણી ઢોળી નાખીએ, અનાજ બગાડીએ, કેટ-કેટલા પરાક્રમ ગણાવવા? આખો દિવસ ચોકી પહેરો ભરતી મા. ગમે તેવા ટાઢ-તડકામાં પણ આંગળી પકડીને દરરોજ શાળાએ લેવા મૂકવા આવતી મા, પરીક્ષામાં વહેલી સવારે વાંચવા માટે ઉઠાડતી મા, એટલું જ નહીં વળી સાથે 'કંપની' આપવા જોડે બેસીને ઉજાગરો વેઠતી મા. કોઈની સાથે ઝઘડો કરીને ઘરે આવીએ ત્યારે સાચું-ખોટું જાણ્યા વગર આપણો પક્ષ લેતી મા, સરળતાથી, સહજતાથી એક ક્ષણ પણ ન ખોટકાઈને ચોવીસ કલાક ચાલતા યંત્રની જેમ મા એ આપણું ધ્યાન રાખ્યું. માના આવા પ્રેમભર્યા ઉપકારની આપણે કયારેક નોંધ લીધી છે ખરી? માતા અને મૃગજળ ઝટ સમજમાં આવતા નથી, મૃગજળ નથી છતાં દેખાય છે, માતા સામે છે છતાં ખરેખર તેને જોવાનું ચૂકી જવાય છે.

કવિ દલપતરામે કહ્યું છે તેમ -

અરે એ બધું શું ભલું જૈશ ભૂલી,
લીધી ચાકરી આકરી જે અમૂલી ?
સદા દાસ થૈ વાળી આપીશ સાટું
મહા હેતવાળી દયાળી જ મા તું,

પણ હું ને તમે માનું ઋણ તેના દાસ થઈને પણ શું ચૂકવી શકીએ ખરા! ઉમાશંકર જોશી કહે છે - માતાનું ઋણ કોમ ચૂકવી શક્યું છે? ખરું જોતાંએ ઋણ નથી. ઋણ ગણીને એનો રૂપિયા - પૈસામાં હિસાબ માંડવા આવે અને ઋણ ચૂકવવાનો સ્વયં ભગવાન હવાલો લે તો ભગવાનનું પણ દેવાળું નીકળે.

લખાણના અંતે રઘુવંશના દસમા સર્ગનો એક શ્લોક યાદ આવે છે.

મહિમાનં યદુત્કીર્ત્ય તવ સંહિયતે વચઃ।
શ્રમેણ તદશકત્યા વા ન ગુણાનામિત્તયા।

તારો મહિમા ગાતા-ગાતા અમારે કયાંક તો અટકવું પડે જ છે. એનું કારણ, એક તો એ કે ગાતાં ગાતાં અમે થાકી જઈએ છીએ, તેમજ તારા ગુણનો હિસાબ જ રાખી શકતા નથી, તારા ગુણની વાત પૂરી થઈ તેથી અમે અટક્યા, એવું નથી.

***વોટ્સએપ મેસેજ :***

**'મમ્મી તને નહીં સમજાય' - આ વાક્ય બોલતાં પહેલાં હજારવાર વિચાર કરજો.. કારણ કે જયારે તમને બોલતા પણ નહોતું આવડતું ને... ત્યારે તમને ખાલી મમ્મી જ સમજતી હતી...**

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# નિર્વ્યસની - સેવાભાવી, ગ્રામશિલ્પીને એના સુંદર કાર્યો માટે સલામ...

'અરે અજાણ્યા ગામમાં સેવા કરવા જાવ તો યે કોણ સ્વીકારે?' શરુ શરુમાં બહુ કાઠું પડ્યું... બાળકોનો અને ગ્રામજનોનો પ્રેમ સંપાદન કર્યો એ પછી શરુ થઈ મારી પેઢામલિ ગામની યાત્રા...'

વાત વાતમાં એકવોકેટ અશોક દામાણીને જલદીપ ઠાકર કહે છે. જલદીપે પેઢામલિ ગામમાં બાળકોના દાંત-નખ અને નાક-કાન સાફ કર્યા છે, બાળકોને શાળાએ પહોંચતા કર્યા છે, શાળામાં વિદ્યાર્થીઓની જ નહિં, શિક્ષકોની સંખ્યામાં પણ અનેકગણો વધારો થયો છે. સ્વચ્છતાનું, વ્યસન મુક્તિનું, સદભાવનાનું, સમૂહજીવનનું, પ્રાર્થનાનું અને સદ્ભાવનાનું મૂલ્ય સમજતા થયા છે. આ ગામના લોકો. અનેક તકલીફો - અણગમા સહન કરીને પણ એક વિચાર આંદોલન પ્રસરાવ્યું અને આજે ગામના બધા જ ઘરમાં ટોઈલેટનો ઉપયોગ થવા માંડ્યો છે. વર્ષ ૨૦૧૬માં જાગૃતજન એવોર્ડ મેળવનાર જલદીપે ધખાવેલી ગ્રામ સુધારણાની ધૂણીના સુંદર પરિણામો ગામમાં દેખાય છે.

મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકામાં છેવાડે આવેલું છે પેઢામલિ ગામ. આ ગામને ત્રણ તાલુકાના સીમાડા સ્પર્શે છે, ઈડર-હિંમતનગર અને વિજાપુર. વસ્તી માંડ હજારની, ને મોટાભાગે બક્ષીપંચના લોકોની. ઈતિહાસ કહે છે કે સાત-આઠ દાયકા પહેલા આ ગામ આસપાસના ૨૫-૩૦ ગામોના હટાણાનું કેન્દ્ર હતું અને ધંધા-રોજગાર અહીં ધમધમતા હતા. કાળક્રમે સાહ્યબી ઘટીને સાવ સામાન્ય ગામડું બનીને રહી ગયું પેઢામલિ.

ગાંધીજીના સ્વપ્નના ગ્રામોધ્ધારના કાર્યને સચ્ચાઈથી વળગી રહેનાર કેટલીક સંસ્થાઓમાંથી એક તે ગૂજરાત વિદ્યાપીઠ. આ સંસ્થાની એક શાખા રાંધેજામાં છે. અહીંથી માસ્ટર ઈન રૂરલ મેનેજમેન્ટનો સ્નાતક થયેલો યુવાન જલદીપ ઠાકર ૨૦૦૬-૨૦૦૭ થી આ ગામમા આવીને વસ્યો છે. પિતા કનૈયાલાલભાઈ અને માતા જયશ્રીબેનનો એકનો એક દીકરો છે. એ કહે છે, 'ગૂજરાત વિદ્યાપીઠના સૂચનથી પેઢામલિ જવાનું થયું, માતાએ અનુમતી આપી, અને હું પહોંચ્યો પેઢામલિ.'

આદર્શો લઈને આવનારની વાતો ગામવાળા થોડાં સાંભળે? એટલે શરૂમાં કાઠું પડ્યું પણ બાળકોના શિક્ષણના કાર્યો કરતાં કરતાં જલદીપે ગામલોકોનો વિશ્વાસ સંપાદિત કર્યો. શાળામાં બાળકો આવતા થયા, ભણતા થયા. એ સમયે ૩ શિક્ષકો હતા આજે ૯-૧૦ શિક્ષકો છે ને ૨૦૦ બાળકો જાણે છે. વ્યસનમુક્તિ - સ્વચ્છ સમાજ ઘડતર માટેના એના પ્રયત્નો સફળ થયા છે. જલદીપના પ્રયાસોથી, સરકારની સહાયથી, દાતાઓની મદદથી પેઢામલિ ગામના તમામ ઘરમાં શૌચાલય બન્યા છે. ઈન્દિરા આવાસ યોજનાના મકાનોનો લાભ અપાવ્યો છે. એમ.એ. બીએ.એડ્ થયેલી સ્નેહલ ન કેવળ પત્ની બની, બલ્કે જલદીપના એક બાળકની જનેતા અને ગામના બે અનાથ બાળકોની પાલક માતા બની છે ને પતિના સેવાયત્રમાં સતત પડખે રહે છે. છેલ્લા એક દાયકામાં ગામના એવા દર્દી જેને શહેરોની હોસ્પિટલોમાં ઓપરેશન જરૂરી હોય તેમના ઓપરેશનનો ખર્ચ રૂા. ૬૦ લાખને પહોંચી વળવા ઝોળી ફેરવવાનું કામ પણ જલદીપે કર્યું છે.

પેઢામલિ ગામમાં શિક્ષણ - સ્વચ્છતા - મહિલા બચત - આરોગ્ય જેવા અનેક સામાજિક સુધારણાના પાયાના કાર્યો આ



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

છોકરાએ ઉપાડ્યા છે. નિર્વ્યસની - સેવાભાવી આ ગ્રામશિલ્પીને એના સુંદર કાર્યો માટે સલામ.

ગ્રામ સ્વરાજની ગાંધીજીની પરિકલ્પનાને સાકાર કરવા મથનારા યુવાનો આજે પણ આપણી આસપાસ શ્વસે છે એજ લાપસીના રાંધણ મૂકવા જેવી ઘટના છે. અંતરિયાળ ગામડાઓમાં રહીને, ગ્રામજનો માટે જીવન સમર્પિત કરીને, આધુનિકતાનો અંચળો ઓઢ્યા વિના તેઓ ગામડાઓની ભૌતિક રીતે કાયાપલટ કરવામાં લાગી પડ્યા છે. ગ્રામજનોના વ્યક્તિગત અને સામૂહિક પ્રશ્નોના કાયમી નિરાકરણની દિશામાં ભગીરથ કાર્યો તેમના દ્વારા થઈ રહ્યા છે. હસતા હસતા તેમનો પુરો પરિવાર આવા કાર્યમાં જોડાય છે અને તેમના થકી ગ્રામજનોના ચહેરા પર હાસ્ય લહેરાય છે.

શિક્ષણ - આરોગ્ય - પીવાનું પાણી વીજળી - સડક - આર્થિક બજાર - સ્વચ્છતા -જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં ગામડાનો વિકાસ આવા સમર્પિત લોકોના માધ્યમથી થતો જોવા મળે. એવા કાર્યોમાં વ્યક્તિગત કે સામૂહિક રીતે સ્વયંભૂ રીતે જનભાગીદારી જોડાય ત્યારે અજવાળા રેલાય છે.

●●●

હિન્દી ફિલ્મોના ગીતોમાં અને ગુજરાતી કવિતાઓમાં ગ્રામ્ય વિસ્તારનું સુંદર વાતાવરણ જોવા મળે છે. એવું આહ્લાદક વાતાવરણ સર્જવાની કોશિશ કરીએ.